५८७९

साची गो क्ति

અથવા

महाराजा दीलिपनी गोभक्ति.

કર્ત્તા

गो सेवक पंडित जगन्नारायण

કાશી—નિવાસી.

પ્રસિદ્ધ કરનાર,

गो सेवक ठा. मोहनजी मावजी

આવૃત્તિ ૧ લી.

મુંબઈ

" વર્તમાન તત્વદર્શક પ્રિન્ટિંગ પ્રેસમાં "

કાલિદાસ આતિરામ દ્વિવેદી વાંકાનેરવાલાએ છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ·

५८०९

अर्पणपत्रिका.

શુભ ગુણાલંકૃત રાજમાન રાજેશ્રી સ્વદેશ પ્રેમી ।
શેઠ લક્ષ્મીદાસ ખીમજી જસ્ટીસ ઑફ ધી પીસ. ॥

આપના વિજયી નામથી દિશાઓ ગાજી રહેલી છે આપ રાજાને હિતેચ્છુ પ્રજાભક્ત પરમધાર્મિક અને આતિથ્યનો સત્કાર કરનારા છો. તેથી આર્યો આપને માટે માન અને જીગરના પ્રેમની લાગણી ધરાવે છે. ઘણા અતિથિમાંનો હું પણ એક અતિથિ છું. આપ મારો પ્રેમપૂર્વક આદરસત્કાર કરોછો એ ઉપકારના બદલામાં બીજુંતો હું ત્યાગી બ્રહ્મચારી બ્રાહ્મણ શું કરી શકું, તોપણ મારા હૃદય ની સાંત્વના માટે અને આપની પૂર્ણ ગોભક્તિ જોઈ, મહારાજા દિલીપની ગોભક્તિનામે આ પુસ્તક આપની પરવાનગીવિના આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

લિં. શુભચિંતક,

ગો સેવક પંડિત જગન્નારાયણ

કાશીનિવાસી.

भूमीका.

प्रिय पाठक गण—यद्यपि इस समय गुजराती भाषामें गऊमाता जीके विषयमें बहुतसी ग्रंथ बने देखेहोंगे पर इस छोटेसे ग्रंथ जिसमें श्रीमन्महाराजाधिराज श्रीरामचन्द्रजीके पुरुषा श्री महाराजा दिलीप की गोभक्ति जैसाकि कवी शरोमणी श्री कवी कालीदासजीने अपने रघुवंश ग्रंथमें वर्णनकीहै उसी ग्रंथका गुजरातीमें अनुवाद करके आपलोगोंको देता हुं पढये औरसोचयेकि प्राचीन समयके हिन्दू लोग गऊमाताजीके कैसे भक्तथे.

मुझे इसबातका शोक है! कि मैं गुजराती भाषा नही जानता हुं यदिजानता होता तो जैसे हिन्दी भाषामें गऊमाताजीके महात्मके ग्रंथ बनाकर गोभक्तोंकी सेवा करतांहु केसेही आप गोभक्तोंको भी करता, हां जैसे श्रीमत् पंडित दुर्लभरामजीने मेरी पुस्तक गोरक्षासे इसपुस्तकका अनुवाद करदियाहै वैसेही करदिया करें तो आशाहै कि एसी बहुतसी पुस्तकें आपलोगोंको भेटदुं—मैं प्रार्थना करता हुं कि यदि इसपुस्तकमें कहीं भूलचूक हो गई हो तो कृपा करके क्षिमा करीयेगा.

आपलोंगोका शुभचिंतक.

काशीनिवासी गोसेवक जगन्नारायण.

गो भ्यो नमः



साची गोभक्ति.

અથવા

મહારાજા દીલીપની ગોભક્તી.

પ્રિય ગોભક્ત મહાશયો.—પ્રાચીન કાલમાં મહારાજા દિલીપનામે ઈંદ્ર તુલ્ય રાજા હતો. જેનું સૂર્યાસ્તપર્યંત ચક્રવર્તિ રાજ્ય હતું. જેની કીર્તિ પૃથ્વીપર ઋષિ મુનિ, સ્વર્ગમાં દેવતાઓ, અને પાતાલમાં નાગલોકો ગાતા હતા. એ રાજાની પ્રજામાં કોઈ દીવસ અકાલ મૃત્યુ થતું નહોતું. એ રાજાની ન્યાયવૃત્તિમાં સિંહ બકરાં એક ઠેકાણે પાણી પીતાં હતા. એ રાજાની સ્રી રૂપવતી પ્રસન્ન ચિત્તવાળી હતી. એટલું છતાં તેને સંતતિ નહોતી. તેટલામાટે તેનું ચિત્ત હમેશ શોકાતુર રહેતું હતું. એ રાજા એક દિવસ એકાંતમાં શોચયુક્ત બેઠો હતો, તેટલામાં અકસ્માત રાજાના મનમાં એવી વાત આવીકે આપણે કુલ ગુરૂ વસિષ્ઠની પાસે

જઈ સંતતિ નહીં થવાનું કારણ પુછવું જોઈએ વસિષ્ટમહારાજ જેવા ગુરૂ છતાં સંતતિવિનાનો રહું એ દુર ભાગ્યની વાત છે. એમ ધારી એષ્ટમત્રિં આદિ નેબધો રાજ્ય કારભાર સોંપીને, પત્ની સાથે ગુરૂના ઘર રથે ચાલ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં સારાં શકુનો થવાલાગ્યા થોડીક .રે ગુરૂની પર્ણકુટી આવી એટલે દુરથી રથઉપરથી જણાયું કે સમિધ દર્ભ વિગેરે લઈ તપસ્વીસાથેગુરૂ પણ કુટીતરફ આવેછે એથી ગુરૂને દેખી રથપરથી નીચે ઉતરી પ્રણામ કરી સારથીને રથ ઉભો રાખવા આજ્ઞા કરી સાયંકાળનાં સંધ્યાદીક નિત્યકર્મમાં નિશ્ચિંત થઈ ગુરૂના આશ્રમમાં પ્રવેશ કર્યો, અને અરૂંધતીસહ ગુરૂને જોઈ રાજા રાણીએ ચરણ વંદન કિધું, અને ગુરૂગુરૂપત્નીએ તેઓને આશિષ આપી. પછી ગુરૂજીએ અતિથિ સત્કાર કરીને રાજ્યનું કુશલ પુછ્યું. ત્યારે રાજાએ ઉત્તર આપ્યોકે, હે પ્રભો! મારૂં રાજ્ય સર્વ પ્રકારે કુશલછે. કારણકે, દૈવી અને માનુષી આપત્તિઓ આપ હરિ લ્યો છો.

કોઈ વેરિ અમારીસામે આવતો નથી એ સર્વ આપનો પ્રભાવછે. મારી બધી પ્રજા આનંદમાં રહી સંપૂર્ણ આયુષ્યપર્યંત જીવે છે ને બધી સંપતીથી ભરપુર છે. અને કોઈપણ જાતનું દુઃખ નથી. માત્ર સંતતિ વિરહ મને દુઃખી કરે છે. અને પુત્રવિના મારા પિતૃઓપણ પ્રસન્ન થતા નથી. તપશ્ચર્યા તથા દાનથી ઉત્પન્ન સુખ યદ્યપિ પરલોકમાં મસે છે. તથાપિ તે સુખ માત્ર શુદ્ધવંશ નિરવધિ કાયમ ચાલુ નહોય તો આ લોકમાં અને પર-લોકમાં બન્નેનાં સુખ નાશ પામેછે. હે પ્રભો! સંતતિવિના મને આપ જુઓ છો. અને તેજ કષ્ટથી હું પીડાઉંછું ? એ દુઃખ ટાલાવામાટે હું આપની સે-વામાં આવ્યો છું કે કયા દોષથી મને સંતાન થતું નથી. એવું કરૂણા જનક રાજાનું વૃત્તાંત જાણી ક્ષણવાર મુનિએ ધ્યાન ધરી સંતતિ અટકવાનું કારણ જાણ્યું, ને બોલ્યા કે રાજન્ સંતતિ નહિં થવાના કારણને સાંભળ. હે રાજન્! એક વખત તમે ઇંદ્રને મળી અને તમારી રાજધાનીતરફ આવતા હતા ત્યાં કલ્પતરૂની છાયાતલે એક ગાય બેઠી હતી. તમારી પત્ની સુ-

દક્ષિણા રજસ્વલા હોવાથી તે ગાય તમારા જોવામાં આવી નહિં તેથી તે નંદનીને નમસ્કાર, પ્રદક્ષિણા ઈત્યાદિ કંઈ થઈ શક્યું નહિં તે કારણથી સુરભિએ તમને શાપ આપ્યો કે મારો અનાદર કરી તમે ઇતરની ઉપાસના વિગેરે કરશો તોપણ તમારૂં કંઈ વલશે નહિં. એ શાપ તમે તથા તમારા સારથીએ પણ સાંભલ્યો નહિં કેમકે એક તો ગંગાજીના પ્રવાહનો શબ્દ તથા રથચક્રનો ઘોર શબ્દ અને ત્રીજી તમને બહુજ ઉતાવળ હતી તેથી તમે શાપ સાંભલ્યો નહિં. માટે એજ (નંદિની) મારા ઘરમાંછે. તેનું તમે જો (સપત્ની) સુદક્ષિણાસહિત આરાધન કરો, એટલે સંતાન થશે. વશિષ્ટજી એમ કહેતા હતા, તેટલ્યામાં નંદિની આવી પહોંચી. તેને જોઇને રૂષિ બોલ્યાકે હે રાજન કલ્યાણરૂપ નંદિની સંભારતાંજ આપણી-પાસે આવી જેથી તમારા મનોરથ સિદ્ધ થયા સમજુંછું. હવે તમે જેવી રીતે મહામુનિઓ રાત્રિદિવસ શ્રમ લઈ વિદ્યાને પ્રસન્ન કરેછે તેવી રીતે તમે (નંદિની) ગાયની સેવા કરો. અર્થાત્ જ્યારે ગાય ચાલે ત્યારે તમારે પણ ગાયની પછવાડે ચાલવું. ગાય પાણી પીએ ત્યારે પાણી પીવું, ગાય બેસે, ત્યારે બેસવું. ગાય ઘાસ ખાઈ તૃપ્ત થાય, ત્યારે તમારે ભોજન કરવું. એ પ્રકારે જ્યાંસુધી તે નંદિની પ્રસન્ન થાય ત્યાંસુધી તમે સેવો. રાજા દિલીપે તેનાં વચન સ્વીકાર્યાં. ત્યારબાદમુનિએ ફલફલાદિ આપ્યાં. જુઓ કે મુનિ પણ વિવિધ પ્રકારનાં ભોજન કરાવવાને સમર્થ હતા, તથાપિ વ્રતમાટે રાજાને બીજું ભોજન આપ્યું નહિં. રાત્રિએ ગુરૂજીની (પર્ણ-કુટી) ઝુપડીમાં શયન કરી પ્રભાતે ગાયને ચારવામાટે ગાયની પછવાડે બન્ને સ્ત્રીપુરૂષ ચાલ્યાં—થોડો વખત થયો એટલે દિલીપ રાજાએ પોતાની પત્ની સુદક્ષિણાને પાછીવાળી, ગમનાદિએ કરી સુરભિ ને સેવવા લાગ્યો.

મંડલેશ્વર દિલિપરાજા લીલાં લીલાં ઘાસના કવલ લઈ અને ગાયના ખજવાળવાથી તથા અપ્રતિહત ગમનાદીએ ગાયની સેવામાં તત્પર થયો. (અર્થાત) જેમ છાયા આપણો સંગ છોડતી નથી તેમ ગાય પછવાડે અનુસરેછે. જ્યારે ગાય ચાલેછે ત્યારે રાજા પણ ચાલેછે

જ્યારે ગાય ઉભી રહેછે ત્યારે પોતે ઉભો રહેછે. ગાય બેઠા પછી પોતે-બેસેછે પાણી પીધા પછી રાજા પાણી પીયેછે. એપ્રકારે ગાયની પર દ્રષ્ટી ગ્તો લતાદીનાં બારીક કુમલાં પ્રાદમાં વીટાયેલા કેશ જેના તથા ધનુષ્યમાત્ર વિવાન, દિલીપરાજા ગાયના રક્ષણ કરવાના મીશથી વનમાં રહેલા હાદિ દુષ્ટ જીવોને જાણે શિક્ષા કરવા નીકલ્યો હોય નહિં શું ! રાજા દિલીપે પોતાના સર્વચ્યાકરોને પાછા વાલ્યા તેથી જુવોકે ચાંમરાદિક રા-જસાધનો રાખવાવાલા કોઇનહિ હતા તથાપિ બન્ને બાજુના વૃક્ષોનાં પુષ્પો તથા વૃક્ષનીઉપર બેઠેલાં પક્ષિઓ નાનાપ્રકારના શબ્દોથી જાણે છડી પોકારાતાં નહોય શું !!! ધનુષ્યધારીછે તથાપિ હરિણાદિ પશુઓ સ્વસ્થ થઈ. રાજાને જોઈને પોતાના શરીરનું તથા આંખોનું ખરેખર દૃષ્ટિફલ માનવા લાગ્યાં મતલબ એવો ધનુષધારી વનમાં ફરતો હતો તથાપિ તેમને કોઈ પ્રકારે ધાસ્તી લાગી નહિં. વનની અંદર વાંસડાઓનાં છિદ્રમાં પવન ભરાવાથી દિલીપરાજા પોતાના યશને જાણે સાંભલતો નહિ હોય ? ? ? સૂર્યના તાપથી ગભરાયેલા દિલીપ રાજાને પર્વતના ઝરણસાથે મળેલો તેમજ સુગંધી વૃક્ષના ફૂલસાથે મળતો શીતમંદ અને સુગંધી પવન વાવા લાગ્યો દિલીપરાજા જ્યારથી વનમાં નંદનીને ચારવા ગયા, ત્યારથી હિંસ્રાદિ પ્રાણીઓનો વૈરભાવ બંધ થઈ ગયો વરસાદવિના વનનો અગ્ની શાંત થઇગયો તેમજ વૃક્ષો ફલ ફુલવાલા થાં, જેમ સૂર્યની કાંતી દશદિશાને પવિત્ર કરતી (સાંજ વખતે) અસ્તાચલ પ્રત્યે શોભે છે તેમ નવા પલ્લવ સરખા વર્ણવાલી વસિષ્ટનીગાય દશદિશાને પવિત્રકરીને સાંજવખતે ઋષિના આશ્રમતરફ જતી વખત શોભતી હતી. ગાય જાડાઅવાડુના બોજાથીને રાજા પણ શરીરે પુષ્ટછે માટે, કામદુધા તથા દિલીપરાજા બન્ને તપોવનના રસ્તાને શોભાવવા લાગ્યાં જેનું દુધદેવતાઓ, પિતૃઓ, તથા અતિથિઓની નિત્ય ક્રિયાના અર્થમાં આવેછે એવી ગાય પછાડે ચાલતો રાજા દિલીપ તથા ગાય સાક્ષાત વિધિ યુક્ત શ્રદ્ધાની પેઠે બન્ને શોભવા લાગ્યાં. ગાયની પછવાડે ચાકરની પેઠે ભ્રમણ કરનાર દિલીપરાજા જ્યારે ઘરતરફ આવેછે ત્યારે

સુદક્ષિણા (દિલીપની રાણી) ઉપવાસ વાલાંજ જાણે હોય નહિં શું ? ? ? તેવાં નેત્રો એ રાજાને ઉત્સુક થઈ જોવા લાગી. તથા એકબાજુ દિલીપની રાણીને એક બાજુ દિલીપ બન્નેના મધ્યમાં કામદુધા રાત્રિ દિવસના મધ્ય ભાગમાં સંધ્યાની પેડે શોભવા લાગી. ત્યારબાદ રાણી ચોખાનું હાથમાં લઈ ગાયને નમસ્કાર કરી અર્થસિદ્ધિના દ્વારજેવો ગાયના મસ્ત મધ્યભાગ પૂજવા લાગી. યદ્યપિ જુવોકે ગાયપોતાના વાછરૂ ધવાડવાને ઉત્સુકહતી તથાપિ તે નંદની પુજા કરતાવખત તે નિશ્ચલ થઈ ઉભી રહેતી તેને જોઈ રાજા તથા રાણી બન્ને આનંદ પામવા લાગ્યાં. સમીપમાં બલિ પૂજોપહાર ઇત્યાદિ પૂજાસામગ્રીથી શોભાયમાન કામદુધા બેઠા પછી રાજા અને રાણી બન્ને બેઠા ગાય સુતાપછી રાજાપણ સુતોને ગાય ઉભીથયા પછી પોતેપણ પ્રાતઃકાલમાં ઉભોથઈ ગાયની પછવાડે ચાલવા લાગ્યો. એપ્રકારે સંતતિમાટે વ્રત ધારણ કરતાં રાજાને એકવિશ દિવસ વિતીગયા. બાવીશમે દિવસે પોતાના અનુચર દિલીપ રાજાની પરીક્ષા લેવા માટે કામધેનુ ઘાસ ચરતી ચરતી હીમાલયની ગુહામાં પેસી ગઇ. તે કામધેનુ સિંહાદિથી પણ પરાજય પામેતેમનથી એમ ધારી પર્વતની શોભા જોવામાં ગુચવાયેલો હોવાથી રાજાએ સિંહનું આગમન દેખ્યું નહિં; સિંહપણ હઠાત્કારથી ગાયને ખેંચવા લાગ્યો. ગુહાની ચોતરફ લાગી ગયેલોતે ગાયનો કરૂણ જનકશબ્દ પર્વતમાં લાગેલી રાજાની દૃષ્ટિને ગાયતરફ ખેંચવા લાગ્યો ધનુર્ધર રાજાદિલીપે તે રક્તવર્ણવાલી ગાયપર ગૈરકાદિ પર્વતના ધાતુવાલા રક્તપ્રદેશમાં પ્રફુલ્લિત થયેલા રોયડાના પુષ્પની જેવા સિંહને દેખ્યો. સિંહ ગાયની પર ચડી બેઠો એમ જાણી દિલીપરાજાએ સિંહને મારવામાટે પોતાના ભાથામાંથી ધનુષ ખેંચવા મોડયું.

પ્રહાર કરનારા દીલીપ રાજાનો દક્ષિણ હાથ નખની કાંતીએ કરીને સુશોભીતછે કંકપત્ર જેના એવા બાણના મૂલનેવિશે લાગીછે આંગલીઓ જેની એવો સતો જાણે ચીત્રમાંજ અર્પિત હોય નહિ શું ??? રહયો. હાથના અટકવાથી વધેલોછે કોપ જેનો એવો અને પાસે અપરાધ કરનાર ને નાહં સ્પર્શ

કરતાં એવાં પોતાનાં તેજે કરીને દીલીપરાજા મંત્ર અને ઓસડે કરી રૂંધન થયુંછે પરાક્રમ જેનું એવા સર્પની પેઠે અંતઃકરણમાં બળતો હતો. ઝાલેલીછે 'ય જેણે એવો સિંહ મનુગવંશનો ધ્વજ રૂપ અને શ્રેષ્ટ સિંહ છેપરાક્રમ જેનું એવો અને પોતાના વ્યાપારમાં વિસ્મય પામેલા ા રાજાને મનુષ્યના જેવી વાણીયે કરીને આશ્ચર્ય પમાડતો ાા કહેતો હતો. હે રાજા! તારા પરાક્રમે કરીને બસછે. કારણ કે નારા પર અસ્ત્ર તું ફેંકે તોપણ વથા છે. જોકે વક્ષોને ઉખેડી નાંખવા ની શકતી જેની છે એવો પવનનો વેગ પર્વત ના સમુદાયમાં પ્રસાર પામતો નથી. કૈલાસ ના જેવો સફેત અને બળદ ઉપર બેસનાર જે (અષ્ટમૂર્તી) શંકર તેના પગન્યાસ ના અનુગ્રહ થી અતિ પવિત્ર છે વાંસો જેનો એવો અને નીકુંભ નો મીત્ર કુંભોદર એવે નામે ચાકર એવો મને તું જાણ. આ આગળ દેવ દારૂ વક્ષ ને તું જુવેછે એને શંકરે છોકર' જેવો માનેલો છે, અને વળી કાર્તીકસ્વામી ની માતાના સોનાના ઘડા રૂપી સ્તન માંથી નીકળેલાં જલનો રસ જાણવા વાલો છે. કોઈ એક દીવસ ગંડસ્થલ ને ઘર્ષણ કરતો એવો વનનો હાથી તેણે એ દેવદારૂ ની છાલ ઉખેડી નાંખી પછી હીમાચલની પુત્રી પાર્વતી અસુરો ના બાણે કરીને ઘેરાયેલા કાર્તીકસ્વામી ની પેઠે શોક કરતી હતી તે સમય ને આરંભી ને વનના હાથીઓના ભય ને માટે આ પર્વતની ગુફા માં મહાદેવ પાસે આવેલા પ્રાણી ઓછે જીવન જેનું એવું સીંહત્વ કરીને અહિંયા મને મોકલ્યો છે. પરમેશ્વરે દેખાડયો કાલ જેનો એવી આ ગાયરૂપ રૂધીરની પારણા (ભોજન) તે દેવતાનો વૈરી રાહુ ને ચંદ્રમા સંબંધી અમૃત જેમછે તેમ મારી ક્ષુધા માટે બસ છે.

પોતાના ગુરૂને બતલાવી છે શિષ્યભક્તિ જેણે એવા હે દિલીપરાજા (લજ્જા) લાજને ત્યાગકરી, સ્વસ્થથા જેપ્રાણી શસ્ત્રથી રક્ષણ કરવાને યોગ્ય, તથાપી તેનું રક્ષણ કદાચિત ન બની શકયું તો તે (શસ્ત્રધારીના) યોદ્ધાના યશને નાશ કરતું નથી (મતલબ) તેં ગાયના રક્ષણમાં ગુરૂએ

કરેલી આગ્ના તારી સત્તાથી તું પાલવા ગયો તોપણ ન રક્ષણ થઈ શક્યુ ત્યારે હે ! દિલીપરાજા તારા યશનો તેમાં શું ! નાશથવાનોછે ! મહારાજા-દિલીપ, સિંહનું તેવું હલકું વચન સાંભળી, પોતાને થયેલા અપમાનને ત્યાગ કર્યો.

આખા જન્મમાં રાજા દિલીપને શસ્ત્ર છોડતાં, આજ પ્રયત્ન અફળ થવાથી જાણે વજ્ર મુકવાને ઇચ્છતો અને, મહાદેવના (અવલોકન) જોવાથ જડ થઈ ગયેલ રાજા ઇંદ્રહોય નહિં શું ! ! ! એમજથઈ ગયેલ તેથી અટકાઈ ગયો છે યુદ્ધકરવાનો વ્યાપાર જેનો એવો દિલીપ રાજા કહેછે, હે સિંહ જોકે અત્યંત હસવા યોગ્ય મારૂં વચન છે તો નહિં કહેવું જોઈએ, તોપણ (પ્રણધારી) પ્રાણીમાત્રના અભિપ્રાયને તું જાણેછે માટે હું કહુંછું કારણ કે હું નહિંકહું તોપણ તુંજાણેછે. વૃક્ષાદિ તથા મનુષ્યાદિ સર્વ પ્રાણીનું રક્ષણ કરનાર અને નાશ કરનાર શંકર પણ મારે (પૂજ્ય) સેવવાલા યકછે અને મારીજહૈયાતીમાં નાશ પામતું મારા ગુરૂનું ગાય રૂપી ધન તેપણ માન્યછે. તેનીપણ ઉપેક્ષા કરવી ન જોઈએ માટે હે સિંહ મારા શરીર થી તારા આત્માનું પોષણ કર્ય અને સાંજના વખતમાં પોતાના વાછરૂપર ઉત્સુક થયેલી મારા ગુરૂની (સુરભિ) ગાયને છોડીદે તેવું સાંભલી પરવતની ગુફાના અંધકારને પોતાની દાઢના તેજે કરી નાશ કરતો, સિંહરૂપ શંકરનો સેવક બોલવા લાગ્યો.

---

૧ સુર્ય વંશી રાજાઓ શાર્દૂલ જેવા હતા અને જે જગ્યોપર યુદ્ધ કરવા ગયા હોય ત્યાંથી પાછા ન ફરે, છતાં ગાયના રક્ષણ માટે વનમાં ગયેલા રાજા દિલીપના, સિંહપર શસ્ત્ર છોડતાં બન્ને હાથ (બંધાઈ) ગયા માટે રાજા દિલીપનું અપમાન થયું કહેવાય.

૨ કારણ કે શંકરના પ્રતાપથી પોતાના હાથ જડ થઈ ગયાહતા. એટલે મહાદેવ તો સાક્ષાત્ ઈશ્વર કહેવાય, માટે શંકરની પાસે તે રાજાનું જોર શું ચાલે એટલે અપમાનનો રાજાએ ત્યાગ કર્યો.

એક છે છત્ર જેને અને આખાં જગતનું સ્વામીપણું અને નવું યૌવન અને આ સુંદર શરીર તેને આ થોડા માટે ઘણાંને ત્યાગ કરવાને ઇચ્છે છે એટે તુ મને વિચારનેવિશે મૂઢ લાગેછે.

તારી જો પ્રાણીનેવિશે દયા હોય તો તારી પછવાડે આ એક ગાય ા રહેછે. માટે હે પ્રજાનાથ તું હોઈશ તો નીરંતર દુઃખ થકી જનું આ આપની જેડ રક્ષણ કરીશ.

એ થકી ઉપરાત એક ગાયના અપરાધને વિશે ક્રોધી અને અગ્નીના જેવી છે પ્રતીમા જેની એવા ગુરૂથી તું ડરેછે. તો એનો ક્રોધ ધડાના જેવાં છે અવાડુ જેના એવી કરોડો ગાય આપવાને તું સમર્થ છે. તેણે કરિને તારા ગુરૂ શાંત થશે.

સિંહના આક્રમણથી (૨૬) ગરીબ થયેલી ગાયને જોઈ અત્યંત દયાવાલો દિલીપરાજા સિંહની વાણી સાંભળી ફરી બોલવા લાગ્યો. અન-પરાધી કોઈ પ્રાણી નાશ પામતું હોય તેનું રક્ષણ કરવાવાલો ક્ષત્રિ એવો શબ્દ ત્રણ જગતમાં પ્રસિદ્ધ છે. (તેથકી વિપરીત વૃત્તિવાલો) મતલબ દુઃખી થતા કામધેન્વાદિ પ્રાણીનું રક્ષણ ન કરી શકે તેના રાજ્યે કરીને શો લાભ ? અથવા નિંદાથી મલીન આ પ્રાણોને શુ કરવાનાં છે ? તેવું સાંભળી સિંહ આગલાનાં પ્રશ્નનો ઉત્તર આપે છે. સિંહ કહે કે હે રાજા તમે આ-ગળ કહી ગયા કે હે સિંહ મારો પોતાનો તું નાશ કરય પરંતુ મારા ગુરૂ વસિષ્ટમહારાજના ગાયરૂપી ધનનો તું નાશ ન કરય એ સબંધમાં હું કહું છું કે તારા ગુરૂનો તને ભય લાગતો હોયતો તું રાજા છે તારે ક્યાં ગાયોથોડાછે !

આ એક કામધેનુને બદલે તારા ગુરૂને લાખો ગાયો આપીશ એટલે ગુરૂજી તારાપર કોપ નહિં કરે. તેવુ સાભલતાં રાજા દિલીપ કહે છે.

હે મૂર્ખ હે સિંહ લાખો અન્ય ગાવો આપવાથી આ કામ દુધાનો બદલો વળે તેમ નથી તૂ જાણે છે કે આ કંઈ સામાન્ય ગાય નથી આ તો

કામદુધા એટલે સર્વ મનોરથ પૂર્ણ કરવાવાળી (સુરભિ) દેવતાઈ ગાય છે માટે બીજી હજારો ગાયો આપવાથી મારા ગુરૂ તૃપ્ત કેમ થાય ! માટે હે સિંહ આ ગાયને બદલે મારા દેહનું અર્પણ કરૂંછું મતલબ મારા દેહથી તારૂં પોષણ કરય પણ આ ગાયને છાડી આપ્ય. અને તું પણ જાણે છે કે તારેપણ આ દેવદારૂ વૃક્ષમાં મોટો પ્રયાસ છે એ વૃક્ષનીસાથે જરા કોઈ જંગલી પશુ (ખર્જન) કરવા આવ્યો હોય તો શું !! તેને તું છોલવા આપી શકે ? કારણ કે જેની રક્ષા કરવા મોકલ્યા હોય તેની રક્ષા જ્યારે ન બની શકે ત્યારે રક્ષાકરવા મોકલનારની સમક્ષમાં કેમ જઈ શકાય ? અને ગાયને બદલે મારો દેહ તારીપાસે ધરૂંછું ને કદાચિત આ શરીરપર તું દયા કરી મને અહિંસ્ય ઠરાવે તો ઠીક, નહિં તો પંચભૂતના વિકારવાલા ક્ષણભંગુર આગાંસપંણ્ડનિર્મીત શરીરમાં મને કંઈ આસ્થા નથી. તેમ કહી દિલીપરાજા શસ્ત્રનો ત્યાગ કરી પોતાના શરીરને માંસના પિણ્ડની પેઠે સિંહને અર્પણ કરયું તેજ સમયમાં ભયભિત પ્રચંણ્ડ સિંહના નિપાતના તર્ક કરતો, અને નીચું મહોઢું કરી ઉભા રહેલા રાજાનીપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ પડવા લાગી. પુત્ર દિલીપ ઉઠઉઠ એ પ્રકારનું અમૃત જેવું વચન સાંભલી દિલીપરાજા જાગૃત થયો. જ્યાં ઊંચું જુએ છે ત્યાં પોતાની માતા જેવી ગાયને જુએ છે પણ સિંહ દેખાવામાં આવતો નથી. તે વિસ્મય પામેલા દિલીપરાજાને ગાય કહેવા લાગી કે હે સાધુ એ કંઈ સિંહ નહિ હતો માત્ર સિંહરૂપી માયા ઉત્પન્ન કરી તારી પરીક્ષા લીધી છે. હે રાજન

રૂષિના પ્રતાપ થી મારી ઉપર યમપણ ન આવીશકે તો સિંહાદિ દુષ્ટ જીવો મારી શું શકે ? હે રાજા ગુરૂમાંભક્તિ તથા મારેવિષે જે (અનુકંપા) દયા તેણે કરી હું તારીપર પ્રસન્ન થઈછું માટે હે પુત્ર વરદાન માગ કારણ કે હું કેવલ દુધનીજ આપવાવાલી સામાન્ય ગાય નથી ત્યારે સાક્ષાત પ્રસન્ન થયેલી કામ દુધા મને જાણય તેવું સાંભલી દિલીપ રાજા હાથ જોડી પોતાનો વંશવૃદ્ધી પામે તેવા પુત્રને યાચવા લાગ્યો. સંતાન ની ઇચ્છા વાલા રાજાની સમક્ષ (તે પ્રકારે) એટલે તને સંતતિ થાઓ એપ્રકાર

ની પ્રતિજ્ઞા કરી કામદુધા બોલી. કે હે પુત્ર દુધ્યાની અંદર દુધલઈ તું પાન કર્યે એ પ્રકારે કામ દુધાએ તેને હુકમ કર્યો. તે સાંભલી દિલીપરાજા બોલ્યો કે હોમ કરતાં બાકી રહેલું તથા વાછરૂ ધાવ્યા પછી બાકી રહેલું હે માત વાસિષ્ટ ગુરૂની હું આજ્ઞા લઈ પૃથ્વીના છઠાભાગની પેઠે તમારૂં દુધ પાન કરવાને ઇચ્છું છું. એપ્રકારે રાજા દિલીપ ગાયને કહી પ્રસન્ન થઈ હિમાચલ પરવતથી ગાયની સાથે રૂષિના આશ્રમ પ્રત્યે આવ્યો નિર્મલ ચંદ્રકાંતિ જેવા મુખવાલો દિલીપરાજા તે ગાયની પ્રસાદિ ગુરૂને અર્પણ કરી જેવો વાછરૂ, તથા હોમાદિ કાર્યથી બાકી રહેલો મૂર્તીવાલા યશના જેવા ગાયના પ્રસાદનું પાન કરયું. વ્રતનું પારણું પુરૂં થવાથી પ્રસ્થાન તથા સ્વસ્તિવાચન ઇત્યાદિ માંગલિક કાર્યો કરી રાજા અને રાણી બન્નેને પોતાની રાજધાની પ્રત્યે (ગુરૂજીએ) વસિષ્ટજીએવીદાય કિધાં ત્યાંથી દિલીપ રાજા પોતાની અયોધ્યા નામની નગરીમાં આવ્યો કેટલ્યાક દહાડા થયા પછી રાજાદિલીપની મહારાણી સુદક્ષિણાને નદનીના કહેવા મુજબ ગર્ભ રહ્યો નવમાસ થયા પછી ચંદ્રમુખી સુદક્ષિણાને પુત્ર પ્રસવ થયો એ પુત્રનું નામ રઘુ એવું ઠરાવ્યું. જેણે નવાણું યજ્ઞ કર્યા હતા. એ સૂર્યવંશી રાજાઓ એવાતો પવિત્ર તથા સમર્થ છતાં નિર્મલ હતા. નહિંતો સમર્થ હોય તે નિર્મલ બુદ્ધિવાલો ન હોય કારણ સમર્થ એટલે બલવાન, અને બલવાન જે હોય છે તે નિર્બલને દુઃખ આપી આખી પૃથ્વીનું રાજ પોતાને ઘેર લેવા કરેછે, અને સર્વને પામર જેવા ગણેછે.

જેમ કે રાવણ કંસ દુર્યોધન જરાસંધ ઇત્યાદિ આ રાજાઓ ઘણાજ બલવાન હતા તેઓ ત્રણ જગતમાં ત્રાસ આપતા. તેમ આ સૂર્ય વંશી રાજાઓ ઘણાજ સમર્થ હતા છતાં ઉદ્ધત હતા નહિં તથાપિ નવાણું યજ્ઞ કરી તે રઘુરજાએ સોમો યજ્ઞકર્યો નહિંહતો. કારણ તે ઘણોજ બુદ્ધિવાલો હોવાથી તેણે મનમાં મોટો વિચાર કર્યો કે મારે ઇંદ્રનું રાજ્ય લેવું નથી, તથાપિ ઇંદ્રના મનમાં કદાચિત તેવુંજ ભાસશે જે આ સૂર્ય વંશી રાજાઓ અત્યારે ચક્રવર્તી થઈ પડ્યાછે: તેમાં રઘુરાજાએ સો યજ્ઞકર્યા છે, અને

મહા શુરવીરછે તે કદાચિત મારૂં ઇંદ્રાસન હરિ લેશે તો ? તેવી શંકા કરી રઘુ-રાજાએ સો યજ્ઞ ન કર્યાં. ઇંદ્રને દુઃખ આવી પડેછે ત્યારે રઘુરાજા ને સ્વર્ગમાં બોલાવેછે. ને પછી રઘુરાજા શત્રુઓનો એક ક્ષણમાં પરાજય કરે છે

ત્યારપછી તેનોપુત્ર અજ થયો, જે પોતાના પિતાના હુકમથી યૌવનાવસ્થામાં ઇંદુમતિના સ્વયંવરમાં ગયોહતો, તે સ્વયંવરમાંથી કન્યારત્ન ઇંદુમતિને ઇચ્છાવરથી પરણ્યો હતો. સ્વયંવરમાં આવેલા બીજારાજાઓ ઈર્ષ્યાંથી અજ કુમારની સામા યુદ્ધ કરવા લાગ્યા પોતાની નાની અવસ્થા છતાં રીપુ દલને હઠાવ્યું હતું. ત્યાર પછી તેના પુત્ર દશરથ થયા કે જેણે શીકાર કરતાં હાથીનો શબ્દ જાણી અંધ માતાપિતા માટે પાણી ભરતા શ્રવણને ભૂલથી માર્યો હતો તેથી તેને શાપ થયોહતો. એ શ્રાપ સાંભલી દશરથ રાજા ખુશી થયો હતો. કારણ તેણે કહ્યું હતુ કે પુત્રો સાથે તને વિયોગ થશે તેથી દશરથ રાજા ખુશી થયા કે મારે પુત્ર નથી છતાં પુત્રોથશે ત્યારે વિયોગ થશેના ! ત્યારે ભલે વિયોગ થાય કારણ કે મારો વંશતો ચાલશે કે જેથી મારા પિતૃઓ તૃપ્ત થશે.

ત્યારબાદ તેના પુત્ર રામચંદ્રજી કે જેણે પૃથ્વીના નિશાચરો મારી જગતને નિર્ભય કર્યું. તેના લવ તથા કુશ એબન્ને કુમારો થયા જેઓએ વાલ્મીક રૂષિપાસેથી ગાયન કલાનુ તથા વાજીત્રનું કામ મેળવ્યું હતું.

સમાપ્ત.

ગ્રંથકર્તાનો અભિપ્રાય.

પ્રિયપાઠક ગણ—મારા આ પુસ્તક રચવાનો અભિપ્રાય એવોછે કે જેવી મહારાજા દિલીપને ગોસેવનથી પુત્રપ્રાપ્તિ થઈ છે એવીરીતે ગોસેવા કરવાથી બીજાને પણ પુત્ર થાય છે, તે નીચે પ્રમાણે— સ્ત્રી પુરૂષે હમેશ ચારો, પાણી, અને ગાય બાંધવાનું સ્થાન સ્વચ્છ રાખવું, એને સમયાનુસાર સ્નાન પૂજા વિગેરે કરવાં, અને મોઢું તો હમેશ ધોયાજ કરવું, અને હમેશા પાછવાડાનો ભાગ ધોયા કરવો અને ગાયના શરીરપર ડાંસ, જુઓ, ઈત્યાદિ જીવજંતુ હોય તેને રોજનેરોજ ચુંટી કહાડે, ગાયને (ઉચ્છિષ્ટ) ન આપવું અને ગાયને એઠા હાથથી સ્પર્શપણ કરવો નહીં, કંઈ ખાદ્યપદાર્થ ચારો, ભુંસો, અનાદિ અત્યંત ઉત્તમ રીતીએ આપવું અને પાણી પણ શુદ્ધ નિર્મળ પાવું ગાયના વાછરૂને પણ કોઈ દિવસ ભુખ્યો રાખવો નહિં. અને ગાય નિમિત્ત ગાયને (માટે) ચુર્ણ બનાવીને રાખવું. ભાંગ, અજમા, રાઈ, મીઠું, એ ચાર વસ્તુઓથી ચુર્ણ બને છે તેમાં ભાંગ, અજમા, ને રાઈ, એ ત્રણે સરખે ભાગે લેવાં જોઇએ, ને પછી તેમાં મીઠું નાખી ચુર્ણ કરવું. એ ચુર્ણ મહિનામાં ચાર વખત તો જરૂર આપવું. સીંધાલુણ અથવા મીઠાનું પાત્ર હમેશ ગાયની પાસે હોવુંજ જોઇએ, કારણ તે ગાયને ફાયદાકારક છે. અને પુત્રની ઇચ્છાવાલી સ્ત્રીએ હમેશ પરોડીયામાં ઉઠી પ્રથમ તો શારીરિક ક્રિયા મતલબ દાતણ વિગેરે કરીને, સૂર્યોદયની પહેલાં ગાયની સેવા કરવી તેમાં ચંદન પુષ્પો ધુપ ઇત્યાદિથી સારીપેઠે વિધિપૂર્વક પૂજન કરવું. જેમ સૂર્યવંશ મહારાજા દિલીપની રાણી સુદક્ષિણા પુત્રનેમાટે ગોસેવા કરતી હતી તેનુંજ ઉદાહરણ લઈ પુત્રના ઇચ્છાવાલી સ્ત્રીએ ગાયની સેવા અવશ્ય કરવી.

॥ प्रदक्षिणी कृत्य पयस्विनीं तां सुदक्षिणा साक्षत पात्र हस्ता ॥
॥ प्रणम्य चानर्च्य विशाल मस्याः शृङ्गान्तरं द्वारमिवार्थसिद्धेः॥

સુદક્ષિણા અક્ષત ચોખાનું પાત્ર હાથમાં લઇને, તથા ગાયની પ્રદ-

ક્ષિણા કરી, અને અર્થસિદ્ધિના દ્વારની જેવો ગાયના લલાટનો મધ્યભાગ તમજ બન્ને શીંગનો મધ્યભાગ પૂજતી હતી.

પૂજન કરતી વખત ઈશ્વરની પ્રાર્થના કરવી કે, હે જગદીશ્વર આપની આજ્ઞાનુસાર હમેશ હું યથાવિધિ ગોસેવા કરૂં છું તેના ફલમાં મને ધાર્મિક, સત્પાત્ર, અને ગોસેવક, પુત્ર ઉત્પન્ન થાઓ, જેમ રાજા દિલીપને થયો હતો.

ततः समानीय स मानितार्थी हस्तौ स्वहस्तार्जित वीरशब्दः ।
वंशस्य कर्तारमनन्तकीर्तिं सुदक्षिणायां तनयं ययाचे ॥

પોતાની ભુજાએ સંપાદન કર્યો છે વીરશબ્દ જેણે અને માનિતાર્થી એવો દિલીપરાજાએ બે હાથ જોડી પોતાના વંશની વૃદ્ધિ કરવાલો અને અનંત કીર્તિવાલો સુદક્ષિણાને વિશે પુત્રને યાચ્યો.

હે પ્યારા ! ધર્માભિમાની સજ્જન પુરૂષો થોડી વિધિ પુત્ર ઇચ્છનાર સ્ત્રીઓએ બીજી પણ કરવી જોઇએ. સ્ત્રીને જે દહાડે રૂતુ પ્રાપ્ત થાય ત્યારે તે દિવસથી ગણતાં ચોથે દહાડે સ્નાન કરી, ગોમુત્રનું પ્રાશન કરે અને પાચમે તથા છઠ્ઠે દિવસેબી ગોમુત્રનું પાન કરે. પછી આઠમા દિવસ ને આરંભી સોલમા દિવસ પર્યંત પંચગવ્યનું સેવન કરે. અને પોતાના સ્વામીને પણ રોજ પ્રાતઃકાળમાં પંચગવ્યનું સેવન કરાવવું. તે પંચગવ્ય આ પ્રકારનું બને છે.

ગાયનું ઘી, દહિં, દુધ, ગોબર ને મુત્ર એ પાંચેવાનાં મીશ્ર કરી, તથા તેમાં પાણી નાખીને, પાન કરવું. રૂતુ પ્રાપ્ત થયા પછી છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ચૌદમી, ને સોલમી—એટલીજ રાત્રિઓમાં પોતાના સ્વામીનો સંગ કરવો. બીજી કોઈ રાત્રિમાં સંગ કરવોજ નહીં. અને પુરૂષે પણ ઋતુ

---

૧ સિંહરૂપી ગાયની પાસે ગાયને બદલે જ્યારે રાજાએ પોતાનો દેહ અર્પણ કર્યો. ત્યારે ગાય પ્રસન્ન થઇને બોલી કે, રાજા વરદાન માગ તે વખતનો આ શ્લોક છે.

દાનની પહેલાં પીવાઈ શકાય તેટલા દુધનું પાન કરવું. ને ૠતુદાન પછી પણ દુધનું પાન કરવું. ઉપર કહેલો વિધિ યથાર્થ રીતીથી જો કરી શકાય તો જરૂર બારમાસની અંદર પુત્રપ્રાપ્તિ થાય. અને જે દિવસથી પુત્રની ઇચ્છા રાખીને ગોસેવાનું વ્રત ધારણ કરે તે દીવસથી તેજ સમયમાં એવોસંકલ્પ કરવો કે, જો મારે પુત્ર થશે તો હું એકદિવસ પુત્રને સાથે લઈ અનાથ ગોશાલામાં જઇને ગાયોનાં આદરપુર્વક પુજન કરીશ, અને ચારો, દાણા વિગેરે આપીશ. પુત્ર થયા બાદ હર્ષપુર્વક ગાયન, વાજીંત્ર, ઇત્યાદિ માંગલિક સમારંભ સાથે ગોશાલામાં જવું. જાઈ ગાયોનું આદરપુર્વક પુજન કરવું અને એક દિવસ પોતાના તરફથી ઘાસ, દાણા વિગેરે ચારો આપવો.

જે સ્ત્રીને પુત્રાદિક બાલકો થઈ જીવતાં ન રહેતાં હોય, તેપણ ઉપર કહેલા લેખાનુસાર ગોસેવા ત્રણ વર્ષપર્યંત (સુધી) કરે તેનો પુત્ર સંપુર્ણ આયુષ્ય ભોગવી શકેછે. પરંતુ તે સ્ત્રીએ આટલું વિશેષ કરવું જોઈએ. એકતો ગાયનો વાછડો અથવા વાછડી હોય તેની ગાયની કરતાં પણ અધિક સેવા કરવી જોઇએ કે ગાયની સંતતી જ્યારે સંતુષ્ટ થશે, ત્યારે તે સેવા કરનારી સ્ત્રીનો પણ બધી આયુષ્ય ભોગવનાર તથા નિરોગી પુત્ર થશે.

અને તે સ્ત્રીના મનમાં આવો નિયમ તો કાયમ રહેવો જોઇએ જે વર્ષમાં બે વખત કોઈ અનાથ ગોશાલામાં જઈ ગાયોની ઉપર કહેલા વિધિ પ્રમાણે પુજા કરવી અને એક દિવસ યથાશક્તિ ઘાસ, દાણા, વિગેરે પોતાના તરફથી સન્માન પણ થવું જોઈએ. સમસ્ત સ્ત્રીઓને પોતાનો સ્વામી, તથા પુત્રના દીર્ઘાયુશ અને નિરોગીપણામાટે અને ધન સંપત્તિની પ્રાપ્તિનેવાસ્તે ઉપર કહેલા વિધિપ્રમાણે ગોસેવાનું જરૂર વ્રત કરવું જોઈએ.

અને સ્ત્રીઓને જાણવાનું છેકે, જેણે વ્રત ધારણ કર્યું તેણે ફલ પ્રાપ્તિ થયા બાદ જરૂર ગોશાલામાં જઈ ચારાનો બંદોબસ્ત કરવો જોઇએ. એથીજ સર્વ કાર્ય સિદ્ધિ થાયછે.

પ્રસિદ્ધ કર્તાનો હેતુ.

આંજકાલ પ્રાચીન સમય કરતાં અર્વાચીન સમયમાં દેશોદેશ કેલવ-ણીનો પ્રસાર સારો થતો જાયછે. અને તે થકી દિનપ્રતિદિન સ્વશાસ્ત્રનું સ્વરૂપ, દેશોન્નતિ થવાના વિચારો, ઇત્યાદિ સારી અસરો થાયછે. તે બધુ કેલવણીને સ્વાધીનછે. તેનો લાભ કેમ લઈ શકાય કારણકે, દ્રવ્યવિનાને કોઈ એક ગ્રંથકારે ગ્રંથ બનાવ્યો હોય અને તે ગ્રંથના એવા તો વિષયો અસર-કારક હોયકે ખરેખર આર્યશાસ્ત્રના રહસ્યનો એક અંદર સમાવેશ થયોહોય, અને તેવા ગ્રંથો છપાવવામાં તેમાણુસ અશક્ત હોય, તેથી તે માણુસનું દેશ દાઝત્વ રાત્રિદિવસ તેના મનમાંજ રહેછે. એવા ગ્રંથો શાસ્ત્રાભિમાની ગૃહસ્થને અથવા બીજાને બી ફોકટ વેંચાશે ત્યારે નાના અને મોટા, સામાન્ય, અને વિશેષ આર્યોમાં જુદી અસર થશે. અને તેથીજ આપણી ભારત ભૂમિની ચડતી કહેવાશે જુઓ તો આ સામાન્ય (નાનો) ગ્રંથ છતાં તેની અંદર કેવી અસરકારક મહારાજા દિલીપની ગોભક્તિછે? અને તેથી શું !!! મહાશયો આપને ઓછી અસર થવાની છેકે ? અને જો આ લેખ-કને આ નાના ગ્રંથમાં કદાચિત આશ્રય મલ્યો નહતે તો ખરેખર આ પંડિતના આવા ઉમદા લેખો બહાર ન પડત. હવે જુઓકે આ ગ્રંથકારને આ ગ્રંથ છપાવવામાં આશ્રય આપનારને, કોઈ પ્રકારનો સ્વાર્થ નથી તથાપિ તન, મન, ધનથી તેઓ એ સ્વદેશ શેવા બજાવવા માંડીછે એ ઘણી આનંદની વાતછે. તેમાં આ ગ્રંથ છપાવવામાં આશ્રય આપનાર **ભાનુશાલી શેઠ પુરૂષોત્તમદાસ કાલિદાસ** કે જેઓને અંત:ગ્યા એ ધન્યવાદ આપીએ છિએ. એવા શાસ્ત્રાભિમાની મહાશયો તરફથી આ ગોસેવક પંડીત **જગન્ના-રાયણજી**ને પોતાના ગ્રંથોના યથાર્થ અભિપ્રાયો ખોલવાને જેવો **આશ્રય** મલ્યોછે તેવો મલ્યા કરશેતો, સમજવુકે ખરેખર આ આર્યબંધુઓને સહેજમાં

સ્વરાજના અસરકારક બારીક વિચારો, સમજવાનું સાધન થશે. અમે આ ગ્રંથમાં આશ્રય આપનાર ભાનુશાળી પુરૂષોત્તમદાસ કાલિદાસનાં અતિશયોક્તિપુર્વક વખાણ કરવા ધારતા નથી. પણ તેઓ સાહેબને ધન્યવાદ આપતાં અમોને બહુજ આનંદ થાયછે કે જે આનંદથી મારા મનમાં તેવા મહાશયોને આપવા લાયક જે જે ધન્યવાદો ઉત્પન્ન થયાછે તે બધાંમેં જો દાખલ કર્યા હતતો ખરેખર પ્રશંસા કલંકથી વાંચનારાઓ મને દોષિત કરત માટે આ આનંદનો ઉભરો અંતઃકરણમાં સમાવુંછું. આશાછેકે ત્યાં મારા બે બોલને વખાણરૂપ નહિં માનતાં આ પંડિતજીના બીજા ગ્રંથો છપાવવા માટે પુરતો પ્રયાસ લેવા કોઈ વીર જાગૃત થશે.

પ્રીય બંધુઓ ગાયમાતા આપણા ઉપર કેટલા ઉપકાર કરેછે તેનુ વર્ણન કરવા મોટા વીદ્વાનો પણ અશક્ત છે તો મારા સરખા અલ્પમતી વાળાથી તો એના અસંખ્ય ઉપકારોનું વર્ણન કરી શકાય જનહીં તો પણ ગોમાતાની કૃપાથી તે વીશે થોડું વર્ણન લખ્યું છે તે સરવે ગ્રહસ્થો વાંચી તેનો સાર ગ્રહણ કરશો.

ગ્રહસ્થો આપણે આપણી માતાના ઉદરથી જન્મ લીધા પછી તે આખરે વૃધાવસ્થા થાય ત્યાંસુધી આપણે ઉદ્યમ ધંધો વેપાર નોકરી કરીને જે પેસા આપણા ભરણ પોષણ માટે તથા આપણા બાળ બચાંને માટે મેળવી એ છઈએ તે કેવળ આપણું શરીર આરોગ્ય હોયતોજ ઉદ્યમ કરી-શકી એ છઈએ. બીજું શરીરનું રક્ષણ કરવા માટે અન દુધ ઘી ફલ ઇત્યાદીક વસ્તુઓ આપણને મલે છે તોજ આ શરીર ટકી શકે છે અને એ સર્વે મલવાનું મુલ આપ જોશો તો ખરેખરો ગોમાતાનાં પ્રતાપ છે. ગો-માતા આપણને અમૃત સરખું દુધ આપે છે અને દુધમાંથી દહીં ઘી સર્વે રસ ઉત્પન્ન થાયછે. બીજું ગોમાતાના પુત્રો હળમાં જોડાઈ ખેતીના કામમાં આવેછે અને બલધ થકી લાખો અને કરોડો રૂપીઆનું અનાજ અને રૂ પાકેછે અને તેથીજ આખા જગતનું જીવન ખેતી ઉપર છે. કદી એક વરસ ખેતી ન પાકે તો દુકાલ પડે અને રાજા પ્રજા સંરવેને ભુખમરાથી

પોતાના પ્રાણુનો ત્યાગ કરવો પડે અને તે વખતે લાખો પતિ યાંતો મોટા પૃથ્વીપતિ હોય અને તેના ઘરમાં જુની ખાંણુના બીલીયન હીરા અને જાતિના છડા હોય તથા અનેક પ્રકારના સોનાના દાગીના હોય પણુ તે નીરથક છે.

કુટંબ કબીલાની મોહજાલમાં પડી શ્રી ગોમાતાને છેક વીસરી ગયાછો તેને જરાક તો મનમાં વીચાર કરો કે એજ ગોમાતાને માટે રાજા દીલીપે શ્રી સહીત વનેંદ્રે જીર્ણ કેવી સેવાકરી છે ,એજ ગોમાતાને માટે આપણા પીતા શ્રીકૃષ્ણું પરમાત્માએ ગોકુલમાં કેવીરીતે ગાયોનું રક્ષણુ કીધુંછે; તો બંધુઓ તમે પણુ તેનીજ રતિ છો છતાં તમે નિદ્રાધિન રહિ તમારાં કરેતવ્ય નું સ્મર્ણું ભુલી ગયા છો તે ફરીથી યાદકરો અને ગોમાતાનું રક્ષણુ કરવા શરીર ધનનો પુરતો ભોગ આપવા આગલ થાઓ; કારણકે ગોમાતા આપણી આખી જીંદગી સુધી પાલન કરી અંતે સ્વર્ગમાં લઈ જાયછે. યાદ રાખોકે ગમે તેવાં કોઈ વહાલાં સગાં હશે કદી આપણો ગમે તો પેટનો છોકરો હશે પણુ અંત સમે કોઈપણુ કામ આવતું નથી સરવે સ્વાર્થની સગાઈ છે. "જેમકે બની બનીકે સબ કોઈ સાથી બીગરીકા કોઈ નાહીં રે ભરી સભામે લજ્જા રાખી દીનાનાથ શવઈયે રે" આ કહેવત ઉપર ધ્યાન આપો

માત્રો જ્યારે ઈશ્વર ઇચ્છાથી આપણુને મૃત્યુ આવીને ઘેરે છે તે સમે સર્વે સગાં વહાલાં આપણા પૈસાની વ્યવસ્થા કરવામાં પડેછે. લાખો રૂપિઆ આપણા હોય પણુ તે વખતે એમાંથી ધર્મમાંતો બાગ્યેજ જુજ રકમ અપાય છે બાકી સર્વ સ્વાર્થી સગાં હળી મળીને તેનો સરવાલો પુરા કરી આપે છે; પણુ જે ગૃહસ્થે આખી જીંદગી મેહેનત કરીને આટલું ધન મેળવ્યું તે સર્વે ધન હરવાને ભેગા થાયછે પણુ ધન મેળવનારનું કલ્યાણુ કરવાનું કોઈને સુજતુ નથી। આપ જાણોછો કે અમૃત છે તે પોતાનો ગુણુ કદી ચુકતું નથી. કહેવત છે કે "ભલો બુરાઈ ના કરે, બુરા કરે ઉતપાત કહાં કૃષ્ણકો ઘટ ગયો જો ભૃગુ ને મારી લાત" તેમ આખી જીંદગી સુધી લાખો રૂપીઆ મેળવીને ગોમાતાના રક્ષણમાં એક પાઈપણુ ન આપી તોપણુ

ગોમાતા કેવી દયાળુ છે કે પોતાના પુત્રની મુક્તી કરવા માટે ગોમાતાથી ઉત્પન થયેલું પંચગવ્ય મનુષ્યને અન્ત સમે આપવામાં આવે છે જેથી તે પ્રાણીની સદગતી થાય છે, તો બંધુઓ એ પંચગવ્ય કેમ થાય છે તેવીં નીચે લખ્યું છે. ગાય માતાનું દુધ, દહી, ધૃત, ગોમુત્ર, છાંણુ. એ સર્વે વસ્તુ થોડી થોડી લેવી અને પછી તે સર્વેને એકઠી કરવી અને પછી તેને ગાળી નાખવી અને તે મનુષ્યને અંત સમે અપાયતો તેજ માણસને સદગતી થાયછે. વળી અંત સમે ગાયનું દાન અવશ્ય કરવું અને તે એવી રીતે સુપાત્ર બ્રાહ્મણ કે જે ગાયને પાળે તેને દાન કરવું ગાય શરીરે આરોગ્યતા વાલી દુધ દેનારી હોવી જોઈએ. ગાયનું દાન મરનાર ની હયાતીમાં એને હાથે વીધીપુર્વક દાન અપાવવું તો તેથી પ્રાણીને વેતરણી નદી ઉતારવાને ગાય માતા આવીને ઉભાં રહે છે અને તે પ્રાણીને સ્વર્ગમાં લઈ જાયછે માટે બંધુઓ આપ સારી રીતે સમજી શકયા હશો કે ગોમાતા વગર અમારૂં ભલું થવુ નથી એ ખરૂં છે. જેમકે એક ગોપી લખે છે કે,

વિના ગોરસં કોરસો ભોજનાનાં
વિના ગોરસં કારસો ભૂપતીનાંમ
વિના ગોરસં કોરસઃ સુંદરીણાંમ
વિના ગોરસં કોરસઃ પંડીતાનાં

આ કહેવું સત્યછે કે ગાય વગર કીડીથી કુંજર શું અને રંકથીને રાજા સુધી કોઈનું પણ કોઈ કાર્ય ચાલી શકે તેમ નથી.

કદી અર્થ શાસ્ત્ર ઉપરથી આપજોશો તો સર્વે માણસોને રાજા હોકે રંક હો પણ બે વખત ભોજન વગર તો ચાલી શકેજ નહીં એક ટંક જમવાનુંનથી મળતું તો મગજ છેક આશમાનમાં જઈ પોચેછે અને પેટ માં લાય થાય છે કોઈનું બોલવું ઝેર જેવું લાગે છે અને શરીરની નાડીઓ તુટેછે તે જ્યારે ભોજન મળે ત્યારેજ શાન્ત થાયછે

તો ભાઈઓ આપ વિચારોકે કેવી ખુબી અનાજમાં સમાણીછે માટે

વેચિના લક્ષ્મી આપીએ અગર અનાજ શશતુ થશે તો તે સરવે કોમને કસરખે ભાવે મળશે કદી મોઘું થશે તોપણુ સરવેજ એકભાવે મળશે માટે માં શરવે કોમનુહીત સમાએલું છે માટે ભાઈઓ આવિશયમાં સર્વે કોમના ગ્રહસ્થોને હું અરજ કરૂ છું કે જુવોકે ગાયછે તો બળદોછે અને બળદોછે તો ખેતી થઈ શકેછે અને ખેતી પાકેછે તોજ વેપાર રોજગાર અને સરકારને ખેતીનું વશુલ મળી શકેછે માટે ગ્રહસ્થો ટુંકમાં ટુંક એટલું કહું છું કે જેમ બને તેમ સર્વે ભાઈઓએ આપસમાં ભ્રાતૃ ભાવ વધારી ગૌરક્ષણુ કરવા તત્પર થાઓ એટલી મારી વિનંતી સર્વે ગ્રહસ્થો સ્વીકારશો.

મીત્રો દુધમાં શું શું ગુણુછે તેને થોડો વીસ્તાર પણુ કરેલછે મીત્રો દુધ એટલું બળવાનછે કે એના બરોબર કોઈ ઓષધી નથી બીજુ પ્રતે વરધતે ખુધીહે ક્ષીરે આયુષ્ય વર્ધતે મીત્રો સ્વચ્છ ઘીનો આહાર કરવાથી બુધી ઘણી વધેછે તથા સત્વગુણી પુરૂશ થાયછે.

દુધથી આયુષ્યની વૃદ્ધી થાયછે. મીત્રો ગોમુત્રમાં એવો ગુણુ છે કે મારી છાતી દુખતી હતી ત્યારે મને એકે ગ્રહસ્થે બતાવ્યું કે સવારે એક તોલો ગોમુત્ર છાંણીને પીવું તથા જે ગાય વીઆયને એક માશ થઈ ગયો હોય તેવી ગાયનુ ગોમુત્ર પીવું પછી મે એ પ્રમાણે દીવસ ૪ શુધી પીધું ત્યારથી મારી છાતી દુખતી બંધ થઈછે બીજું કોઈ માણુસને ક્ષયરોગ હોય તેણુી હમેશાં સવારે ગોમુત્ર પીવું તથા તેલ મરચું ખાવું નહીં તો ક્ષયરોગ મટી જશે.

વળી શરીરે ગુમડાં અથવા ખોટી ગરમી નીકળી હોયતો હમેશાં ગોશાલામાં જઈ ગોમુત્ર છાંણુ બને એકઠા કરીને શરીરે ચોળવા પછી સ્નાન કરવું. એપ્રમાણે કરવાથી શરીર કંચન જેવું થઈ જાયછે. મીત્રો ગાયના ગુણો ઘણાછે અને છેવટે હું કહુંછુંકે મુક્તીને પ્રાપ્ત કરવાવાળી કેવલ ગાય, ગાય અને ગાયજછે.

વિનંતી.

પ્રિય વાચકવૃંદ ગોભક્ત મહારાજા દિલીપનું આ વૃતાંત ગોસે·
પંડિત શ્રી જગન્નારાયણ કૃત (ગોરક્ષા પ્રકાશ) ના ,ના ગ્રંથમાંથી ˉ
છે, માટે આ ગ્રંથ પણ ગોરક્ષા પ્રકાશનો પહેલો ભાગ કહીશું તો

હવે ગોરક્ષા પ્રકાશનો બીજો ભાગ છપાવવાને તૈયાર છે
અંદર વેદ, શ્રુતિ, સ્મૃતિ, ભાષ્ય, ધર્મશાસ્ત્રો, "
જૈન, મોટા યુરોપીયન તથા મોટા ડાક્ત
ભાઈઓ એ જે જે કરેલા પ્રશ્નો, તેના સપ્રમાણ ઉત્તરથી ભરપૂરછે
અંદર ગાયનું મહાત્મ, ગાયના ગુણો, ગાયોથી થતા આપણા દેશમાં ફાયદાઓ, આખી જગતને ગાયની સંતતી (બલદો) કેવી ઉપયોગી થાય છે તેનાં અસરકારક વિવચનો, ગાયથી ઉત્પન્ન થનારા સર્વે પદાર્થો લોકોમાં થતો ઉપયોગ ઈત્યાદિ પ્રમાણોથી આ બીજો ભાગ બહુજ ભરપૂરછે. અને એવા ગ્રંથો બહાર પડયા વિના ગોરક્ષા નહિં જાણનાર પુરૂષોને તમારા તરફથી જ્યારે ફોગટ મળશે ત્યારે ગોરક્ષણ કરનારાઓની પણ સંખ્યા વધતી જશે અને તમે જેમ ગોરક્ષણાદિ કાર્યોમાં અગ્રેસર થવા ઉમેદ ધરાવોછો, તેમ તે લોકોપણ તમારી સાથે મળીને ગોસંબંધી કાર્યનો લાભ લેવા ચુકશે નહીં માટે આ ગોરક્ષાપ્રકાશનો બીજો ભાગ છપાવામાં કોઈ શાસ્ત્રાભિમાની ગૃ..: તરફથી આશ્રય મળવો જોઈએ કે જેની અંદર સર્વેનું હિતછે. જુઓ આ ગ્રંથ છપાવવામાં ગોસેવક પંડિતજી શ્રી જગન્નારાયણનો કંઈપણ સ્વાર્થ નથી તોપણ શાસ્ત્રાભિમાની મહાત્મોઓનાં એવાં લક્ષણ હોયછે. અને તેજ પરમધાર્મીક, પરગજુ, પરદુઃખભંજન, ઈત્યાદિ ચાંદો મેળવી શકેછે કે જેઓ બીજાને દુઃખે દુઃખી થઈ તેને દુઃખમાંથી છોડાવવા ચાંપતા ઉપાયો કરેછે.

આપનો સુભેચ્છક,

ઠા. મોહનજી–માવજી.

ઈશ્વરસ્તુતિ.

(રાગ ધનાશ્રી.)

૫ જય જય ગોપાળ, બોલો શ્રી જય જય જય ગોપાળ ॥
…ધ. વીશ્વતણા પ્રતીપાળ ॥ બોલો૦ ॥
.તારણ, વાર કરો તતકાળ ॥ બો૦ ॥
.દતણું ગોધન ઘટવાથી, હીંદ થયું કંગાલ ॥ બો૦ ॥
ભુખ મરાથી અનેક જનનાં, મૃત્યુ થાય અકાળ ॥ બો૦ ॥
ગો સેવકની અરજ સ્વીકારો, બે ગેલો સંભાળ ॥ બો૦ ॥ ૧ ॥

(દેખી તેરી વફાદારી, મેરી ફીકર મીટી સારી.)—એ રાગ.

ગાય પય અમૃત દેનારી, પાળો સૌ પ્રીતે નરનારી ॥
પ્રાતઃસમે દર્શન કીજે તો, પ્રાશ્ચીત સરવે જાય ॥
એવી પ્રતાપરૂપી માય, દુઃખી બહુ થાય, કરો જ… સહાય (ગાય)॥૧॥
દુધ દહીં ઘૃત આપે તમને, કરી જંગલ તૃણપાન ॥
તેનું છેકવીસાર્યું નામ, ભુલીને ભાન, થયા હેવાન (ગાય) ॥ ૨ ॥
ગામેગામ ગૌશાળા બાંધો, પાળો ધેનુ અપાર ॥
ખરૂં એજ જીવનનું સાર, થઈ દાતાર, કરે નો વાર (ગાય) ॥ ૩ ॥
હીંદ પ્રજા સૌ એક દીલેથી, સુરભી કરો જતન ॥
એ ખરૂં દેશનું ધન, દુઃખી સૌ જન, વિચારી મન (ગાય) ॥ ૪ ॥

॥ ઠુમરી. ॥

ઉઠો બંધુ ધાવો ગાયની વારે, પ્રતીદીન ગાય કુ
લજાવો છો ક્ષત્રીઓના કુળને, શું કહીએ વારે વાં
સૌ જન સંપી કાર્ય કરો જો, જય મેળવશો ન૮
દેશોદેશ ઉપદેશ કરો જઈ, પુન્ય થશે બહુ ભા.૧
ગાય ઉગરશે દેશ શુધરશે, હીંદની ૮ય થસે ત્યારે (ઉ૦.

॥ સાખી. ॥

ધાવ ધાવ શ્રી ગોવીંદ વેગે સમય વિકટ આ જોઈ ॥
તાત પ્રાણ મમ રક્ષણ કરવા તમવીણ રહયો ન કોઈ ॥
વીશ્વંભર વાર કરો ગાયનું સંકટ દુર કરો ॥ ૧ ॥
વીસ કરોડ હીંદુઓ વસતાં મમ મસ્તક છેદાય ॥
કાયરતા ત્યાગીને ઉઠો કરવા મારી સહાય
પુકાર કરૂં સદા કરો ફરજ તમારી અદા ॥ ૨ ॥
ખાઓ પીઓ સુખ ચેન કરોછો ખબર ન પુછો મારી ॥
આનંદે આરોગી ફૂલ્યાફરો ધરીને ખુમારી ॥
કુરાંગે ૮.૮ ાયા ગુણો મારા સૌ ભુલી ગયા ॥ ૩ ॥
જીવન સૌનું મમ જીવનપર સત્ય કરીને જાણો ॥
હું ગરીબ જાતે હું પ્રાણી દયા ઉરમાંશે આણો ॥
માતાની વાર કરો દેશમાં ઉપદેશ જઇને કરો ॥ ૪ ॥
મમ જીવનથી રાજા રૈયત સુખશાંન્તી ભોગવશો ॥
ગોરક્ષા કરશો તો જન સૌ આ ભવસાગર ૮.રશો ॥
વીનંતી ચીત ધરી બોલો સૌ શ્રી ગોવીંદ હરી ॥ ૫ ॥

।—અગે કુસે શશીકલે
.ાધીન પ્રભુ છો સદા તમે
સદા શ્રવણ કરો જરા તમે
ઃઈ વીર રક્ષાકરવા આસમે
. —ગોપાળ—ગોપાળ—ગોપાળ
અરજ સાંભળી ધાવ આ ઘડી (૧)
નીંદ્રાતજી જાગો કરો વાર મા હરી
વ્રજ સંભાળ નંદલાલ પ્રીત વીસરી
ઉગારો પ્રાણનાથ હાણ ક્રીંદની હરી
ગોપાળ—ગોપાળ—ગોપાળ—ગોપાળ
અરજ સાંભળી ધાવ આ ઘડી (૨)

રાગ—સદર

હે પ્રભુ જગત નીવાસ વીશ્વ પાળકા
ગોપી ગોપ ગોસ ગોકુળાત રક્ષકા
શરણ ચરણી લીન હણની દાસ તારકા
ધાવ—ધાવ—ધાવ—ધાવ—
અસુર મારકા ધર્મ તારકા
ત્રાહી પાહી નાહી તુઝ વીણ આસરા
જી્વી જલા વીણ મીન ધેનુ વાસરા
વીશ્વ બધુની દીન હણની યે કરી ત્વરા
ધાવ—ધાવ—ધાવ—ધાવ—
અસુર મારકા ધર્મ તારકા

ઉપેંદ્રવજા ૪

પરાત્પરા ઈશ્વિર પ્રાણુ દાતા ।
અગાધ શક્તિ તુજ વિશ્વ ત્રાતા ॥
વિભૂ તમે શંકટ શોક કાપો ।
પ્રિતેં અહોનીશ સુશાન્તિ આપો ॥ ૧
લિલા દિસેછે શુભ સર્વ ઠામે ।
ગતી તણો કો નવ પાર પામે ॥
કૃપા નિધી કાપિ સદાય તાપો ।
પ્રિતેં અહોનીશ સુશાન્તિ આપો ॥ ૨ ॥
કૃપા હશે આપનિ સૂખ થાશે ।
કૃપા થકી ક્લેશ સદૈવ નાસે ॥
કૃપા થકી પૂરણુ પ્રેમ સ્થાપો ।
પ્રિતેં અહોનીશ સુશાન્તિ આપો ॥ ૩ ॥
અતૂળ શક્તિ સહુ ઠામ ભારી ।
સુકીર્તી વીશ્વાધિપતી તમારી ॥
હરો તમે કેશવ કે બલાપો ।
પ્રિતેં અહોનીશ સુશાન્તિ આપો ॥ ૪ ॥

...ઞો પ્રત્યે.

મહારાજા દિલીપના વંશમાં ત્રિભુવનને ધ્રુજાવનારા ...ભક્તિ ... અને ધર્મનાબળથી ઉત્કૃષ્ટ થયા હતા. ...ભક્તિ શાખ..., જ્યારે આપણે પ્રતાપી બ્રીટીશ ...ના આશ્રયથી ગૌરક્ષણ કરવા શક્તિવાન થશું, અને જ્યારે આપણે ...ં સમજી તેપ્રમાણે ચાલશું ત્યારેજ આપણો ઉદય થશે. ગૌરક્ષણ ...રવાને શક્તિમાન હિંદની જય બોલો દુનીયાને તારનાર પવિત્ર ગૌમાતાની જય-જય-જય-બોલો. દેશોત્કર્ષનો જય—જય—જય.